*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 53

# PM CARES FUND




**ચર્ચામાં શા માટે ?**

**PM-CARES FUND વિશે**

**પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ વિશે :-**

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-53નો**
**વીડિયો જોવા માટે અહીં**
**CLICK કરો**

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં કેન્દ્ર સરકારે COVID-19 (કોરોના વાયરસ) રોગચાળાના કારણે થતી કોઈપણ પ્રકારની કટોકટી અથવા કટોકટીની પરિસ્થિતિને નિવારવા માટે “PM-Cares Fund”ની સ્થાપના કરી છે.

## PM-CARES FUND વિશે

- PM-CARES FUNDનું પૂરું નામ ‘Prime Minister’s Citizen Assistance and Relief In Emergency Situations Fund છે.
- PM-CARES FUND એક ‘સાર્વજનિક ચેરિટેબલ ટ્રસ્ટ’ (Public Charitable Trust) છે. જેના અધ્યક્ષ વડાપ્રધાન હોય છે. અન્ય સભ્યમાં સંરક્ષણમંત્રી, ગૃહમંત્રી અને નાણામંત્રી હોય છે.
- આ ફંડમાં ભંડોળની રકમ નક્કી કરવામાં આવી નથી, જેના પરિણામે મોટી સંખ્યામાં લોકો ફાળો આપી શકશે.
- આ ભંડોળ આપત્તિ વ્યવસ્થાપન ક્ષમતાઓને મજબૂત કરવા અને નાગરિકોનું રક્ષણ કરવા સંશોધનને પ્રોત્સાહિત કરશે.
- કોર્પોરેટ કાર્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યુ છે કે કંપનીઓએ CSR હેઠળ PM-CARES FUNDમાં ફાળો આપવો ફરજિયાત છે.
- કંપની અધિનિયમ, 2013 હેઠળ CSR (Corporate Social Responsibility)ની જોગવાઈ એવી કંપનીઓને લાગુ પડે છે કે જેમની કુલ સંપત્તિ 500 કરોડથી વધુ અથવા કુલ ટર્નઓવર 1000 કરોડથી વધુ અથવા ચોખ્ખો નફો (Net Profit) 5 કરોડથી વધુ હોય.
- CSR હેઠળ, ઉપરોક્ત કંપનીઓએ તેમના છેલ્લા ત્રણ વર્ષના ચોખ્ખા નફામાંથી સરેરાશ 2% ફાળો આપવો જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ વિશે :-

- પાકિસ્તાનથી વિસ્થાપિત લોકોને મદદ કરવા માટે જાન્યુઆરી 1948માં ભારતનાં તત્કાલીન વડાપ્રધાન શ્રી પંડિત જવાહરલાલ નહેરુની અપીલ પર 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ' (Prime Minister's National Relief Fund)ની સ્થાપના કરવામાં આવી હતી.
- પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળનો ઉપયોગ હવે મુખ્યત્વે પૂર, ચક્રવાત અને ભૂકંપ જેવી કુદરતી આફતોમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારને તથા મોટા અકસ્માતો અને તોફાનોના ભોગ બનેલા લોકોને તાત્કાલિક રાહત આપવા માટે કરવામાં આવે છે.
- આ ઉપરાંત હાર્ટ સર્જરી, કિડની ટ્રાન્સપ્લાન્ટ, કેન્સર વગેરેની સારવાર માટે પણ સહાય પૂરી પાડવામાં આવે છે.
- આ ભંડોળ ફક્ત જાહેર યોગદાનથી બનેલું છે અને તેમાં કોઈપણ બજેટની સહાયતા મળતી નથી. સંપૂર્ણ ભંડોળ અનુસૂચિત વ્યાપારી બેંકો અને અન્ય સંસ્થાઓમાં વિવિધ સ્વરૂપોમાં રોકવામાં આવે છે.
- પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળને 'આવકવેરા અધિનિયમ 1961'ની કલમ 10 અને 139 હેઠળ આવકવેરા રીટર્ન ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. તથા કલમ 80(G) અંતર્ગત સંપૂર્ણપણે આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT